એ જમાનાનાં થિયેટરોમાં એક ખાસ અલગ વરાઇટી હતી. એ હતાં ‘ખાડા થિયેટરો’! નાનાં ટાઉન્સમાં ખાસ કરીને ઉનાળાના વેકેશન દરમ્યાન અચાનક ક્યાંકથી રાતોરાત એકાદ છાપરા વિનાનું, છત વિનાનું થિયેટર ઊભું થઈ જતું! મોટા ભાગે આવાં થિયેટરો ઉનાળામાં સુકાઈ ગયેલાં તળાવમાં બની જતાં એટલે એનું નામ ‘ખાડા’ થિયેટર પડી ગયેલું. અમને યાદ છે, આવા જ એક થિયેટરમાં જોયેલું ‘હરિયાલી ઔર રાસ્તા’નું પેલું ગાયન... ‘લાખોં તારે આસમાન મેં...’ બિલકુલ ફિટ થતું હતું.

આવાં ખાડા થિયેટરની વિશેષતા એ હતી કે એમાં બે જ શો થાય. એક સાંજનો અને બીજો રાતનો. એમાં જે સાંજનો શો હોય તે પૂરેપૂરી સાંજ પડે એ પહેલાં જ શરૂ કરી દેવો પડે, કેમ કે નાનાં ટાઉનના લોકો રાતે વહેલા સૂઈ જાય. છેલ્લો શો જો રાત્રે દોઢ-બે વાગ્યે પતે તો કોણ ટિકિટ ખરીદે? એટલે મોટા ભાગે એવું થતું કે સાંજના શોમાં તમને ઉપર ઊજળું આકાશ દેખાતું હોય અને નીચે પરદા ઉપર ‘યે કાલી રાત કાલી...’

નાનાં શહેરોમાં પાકી દીવાલોવાળાં થિયેટરોમાં પણ એક ખાસિયત હતી કે ફિલ્મો ‘વીક’ના હિસાબે, યાને કે શુક્રવારે જ બદલાય એવું કશું નહીં! કોઈ કચરા જેવી ફિલ્મ હોય તો ચાર દહાડામાં ઊતરી જાય અને સારી હોય તો બાવીસ, પચ્ચીસ દિવસ સુધી ચાલતી રહે! (ડીસા ગામમાં ‘રામ ઔર શ્યામ’ 18 દિવસ ચાલેલી એ તો તે વખતનો ‘રેકૉર્ડ’ હતો! બોલો.)

એ સમયે ફિલ્મોની એટલી બધી ઘેલછા હતી કે અમુક થિયેટરોમાં જ્યાં દરવાજા પોલા હોય તેની બહાર ફિલ્મઘેલાઓ કાન માંડીને ઊભા રહેતા! અંદરથી સાઉન્ડ આવે, અને મનમાં દશ્યોની હારમાળા ચાલતી હોય! જેણે પિક્ચર જોયેલું હોય તેને માટે ‘રિપીટ શો’ ચાલી રહ્યો હોય અને જેણે ના જોયું હોય એના માટે આખી ફિલ્મ જ નવી!

અમદાવાદની એક પ્રકાશ ટૉકીઝની ખામી કહો કે ખાસિયત એ હતી કે તેની પરદા તરફની દીવાલને અડોઅડ એક નિશાળ હતી! જેથી આખો દિવસ ફિલ્મનો સાઉન્ડ ટ્રેક કલાકોમાં સંભળાયા કરે! એ સ્કૂલનાં છોકરાંઓનું ટાઇમટેબલ ફિલ્મના સાઉન્ડ ટ્રેક મુજબ ચાલતું!

જેમ કે વિષય ગણિતનો ચાલતો હોય અને ગાયન ભૂગોળને લગતું હોય ‘આઓ બચ્ચોં તુમ્હેં દિખાયેં ઝાંકી હિન્દુસ્તાન કી...’ તો વળી ભૂગોળના પિરિયડમાં ‘ઝાંસી કી રાની’નો ઇતિહાસ સંભળાતો હોય! એ તો ઠીક, છોકરાંઓ માટે બે રિસેસ રહેતી હતી. એક સ્કૂલની રિસેસ અને બીજો ‘ઇન્ટરવલ’!

દરેક થિયેટરની પોતાની આગવી વિશિષ્ટતાઓ હતી. કોઈનું ઍરકન્ડિશનિંગ એટલું જોરદાર કે સાલુ, સ્ટોરીની વચમાં આવતું ગાયન બહુ ગમતું હોય છતાં ફરજિયાત ‘પીપી’ કરવા માટે જવું પડતું હતું! તો વળી કોઈ થિયેટરનું ‘ઍર-કૂલ્ડ’ એટલું વિચિત્ર રહેતું કે ભલભલા કાશ્મીરનાં સીન-સીનરી વચ્ચે પણ આપણે પરસેવામાં નહાઈ જતા હતા.

અમુક થિયેટરોની બહાર એટલું મોટું મેદાન હોય કે અમથા અમથા ત્યાં અમસ્તા જ બેસી રહેવાનું ગમતું! જ્યારે અમુક થિયેટરોમાં સાઇકલ સ્ટૅન્ડ સાલું, બાજુની પોળની કોઈ સાંકડી ગલીમાં હોય! 25 પૈસાનું ભાડું ઍડવાન્સમાં લઈ લે અને સાઇકલને તાળું પણ ના મારવા દે! કેમ? તો વાત એમ હતી કે એટલી સાંકડી જગ્યામાં આગલા શોની સાઇકલો એકબીજાની બગલમાં ઘુસાડીને પાર્ક કરી હોય, એ શો છૂટે પછી આપણી સાઇકલોને ત્યાં ચપોચપ ચોંટાડીને ઊભી રાખવાની હોય!

થિયેટરોની પણ પોતપોતાની ‘ઇમેજ’ હતી. જેમ કે સ્વચ્છ સામાજિક ટાઇપની ફિલ્મો અમુક સારાં ચોખ્ખાં થિયેટરોમાં જ આવે અને દારા સિંહની કે સી ગ્રેડની ફિલ્મોમાં ઑડિયન્સ પણ એવું જ હોય અને કિચૂડ કિચૂડ કરતી સીટો પણ માંકડથી ભરપૂર હોય!

’70ના દાયકામાં જ્યારે ‘જેસલ તોરલ’ પછી ગુજરાતી ફિલ્મોનું વાવાઝોડું ફાટી નીકળ્યું હતું ત્યારે અમદાવાદની એક આખી સ્ટ્રીટ ગુજરાતી ફિલ્મો માટે જ બની હોય એવું લાગતું હતું. સળંગ એલ.એન, લક્ષ્મી, પ્રકાશ વગેરે થિયેટરોમાં કદાચ પાંચેક વરસ લગી કોઈ હિન્દી ફિલ્મી લાગી જ નહોતી.


દરેક શહેરમાં થિયેટરો ફિલ્મસ્ટારોના હિસાબે પણ વહેંચાયેલાં રહેતાં. જેમ કે રાજ કપૂરની ફિલ્મો અમુક જ થિયેટરમાં આવે અને દેવ આનંદની ફિલ્મોનાં થિયેટરો અલગ જ હોય. (દારા સિંહને આ બાબતમાં શાંતિ હતી. એનાં થિયેટરોને છંછેડવા કોઈ બીજા ફિલ્મસ્ટારો આવતા જ નહીં!)

જોકે અમે થિયેટરનું સંપૂર્ણ રૂપાંતર થતું જોયું હતું... ‘જય સંતોષી મા’ વખતે! શરૂઆતમાં તો તે ઠીક ઠીક જઈ રહી હતી, પણ પછી જ્યારે એનો મહિમા ચારેબાજુ છવાઈ ગયો ત્યારે જોવા આવનારા લોકો રીતસર સિનેમાહૉલની બહાર પોતાનાં બૂટ-ચંપલ ઉતારીને અંદર જતા હતા! થિયેટરની બહાર સંતોષીમાના વ્રતની ચોપડીઓ અને ફોટા વેચાતાં હતાં અને હા, કોઈ મંદિરની બહાર હોય એવી ફૂલોની હાટડીઓ પણ લાગી ગઈ હતી! (બસ, એટલું યાદ નથી કે સાઇકલની જેમ બૂટ-ચંપલ સાચવવાનાં ભાડૂતી સ્ટૅન્ડ હતાં કે નહીં!)

અમુક થિયેટરના માલિકો પણ દિલદાર હતા. એક પત્રકારમિત્રના કહેવા મુજબ રાજુલા ગામના થિયેટરમાં જો અડધો કલાકથી વધુ સમય સુધી વીજળી ના આવે તો માલિક આખી ફિલ્મના પૈસા પાછા આપી દેતા હતા! રાજપીપળામાં એક થિયેટરનું રિનોવેશન થયું એના પહેલા જ દિવસે લોકોએ ફરિયાદ કરી કે પ્રેક્ષકોનાં માથાં નડે છે, તો બીજા જ દિવસથી શો કૅન્સલ કરીને માલિકે સીટો ઊખડાવીને નવેસરથી લેવલિંગ કરી ફરી ફિટ કરાવી હતી! બોલો.

હજી જૂનાં થિયેટરોની યાદોની સફર અટકી નથી. નેક્સ્ટ શોમાં પાછા મળીએ છીએ....

# એ જમાનાનાં
# થિયેટરોનો
# મીઠો ત્રાસ!



આજના વડીલો જૂના જમાનાનાં થિયેટરોમાં ફિલ્મો જોવાના જે લહાવા હતા તેને યાદ કરીને ‘ઓહો... આહા...’ કરતાં થાકતા નથી. પણ ભાઈ, સાચું કહું? અમને તો એ થિયેટરોનો ભારે ત્રાસ હતો! એક તો નવું નવું પિક્ચર પડ્યું હોય તો ઍડવાન્સ બુકિંગની બારી ‘મહુરત’ કરવા પૂરતી જરીક ખૂલે અને માંડ પંદર ટિકિટો વેચાય ત્યાં તો બંધ થઈ જાય! પછી ‘બ્લૅક’માં ટિકિટો લેવાની! અને ટિકિટો પણ કેવી? એનાં ત્રણ ફાડિયાં હોય! ગુલાબી, લીલા કે ભૂરા કલરનો કાગળ પણ એવો સસ્તો હોય કે ભૂલથી જો ભાઈબંધો વચ્ચે ખેંચમતાણી થાય તો એના અવશેષો શોધ્યા ના જડે!

ત્રણ ફાડિયાંમાંનું પહેલું ફાડિયું બુકિંગ કરનારો બાબુ રાખે. બીજાં બે ફાડિયાંમાં હાથ વડે જે સીટ નંબર લખ્યો હોય તેમાં એવા ગડબડિયા અક્ષર હોય કે અંદર ગયા પછી જખ મારીને પેલા બૅટરીવાળા ડૉરકીપરને બતાડવી પડે.

ડૉરકીપર પણ બેટમજી રંગીન કાગળિયામાં નંબર જોતાં પહેલાં આપણા ડાચા ઉપર લાઇટ મારે! જાણે કે આપણી ‘ઔકાત’ માપતો હોય, કે ભઈ, આ નમૂનો અપર-સ્ટૉલમાં બેસાડવાને લાયક છે ખરો? (બાલ્કનીમાં પબ્લિક ઓછી હોય ત્યારે એ ખાસ બૈરાંઓનાં મોં જોવા જ બૅટરી લઈને ઊભો હોય! અને ભીડ સાવ ઓછી હોય ત્યારે કપલિયાં ઉપર ઉપકાર કરતો હોય એમ બાલ્કનીના છેક દૂરના છેડે ‘મૂકવા’ પણ આવે! જાણે કે ‘કન્યાવિદાય’ કરતો હોય!)

અમુક થિયેટરોની સીટો પણ ફિલ્મી વિલનો કરતાં વધારે જુલમ કરતી હતી. કોઈમાં માંકડ હોય, કોઈની સ્પ્રિંગ છટકેલી હોય (એ પણ નીચેની!) કોઈ સીટ ડાબી બાજુ નમી જતી હોય તો કોઈ હંમેશાં જમણેરી હોવાની! અરે, અમુક સિનેમારસિયાઓને તો સીટ નંબર સાથે યાદ રહેતું કે કઈ સીટનું પુશ-બેક ધકેલવા જતાં તે ‘લસરપટ્ટી’ જેવી બની જાય છે!

એમાંય વળી બે સીટો વચ્ચે હાથ ટેકવવાનો ડંડો એક જ! (વિમાનમાં પણ એક જ હોય છે, ભઈ!) પણ, ભૂલતા નહીં, એ ડંડા ઉપર હજારો પ્રેક્ષકોના પરસેવો રેડાયેલો રહેતો, જેથી થિયેટરોની ધૂળ અને પ્રેક્ષકોના પરસેવાના મિશ્રણ વડે ડંડા ઉપર કાળા રંગનો એક પરમેનેન્ટ થર બાઝેલો રહેતો.

જેમ સ્વર્ગમાં જવા માટે વૈતરણી પાર કરવી પડે છે એમ ટિકિટ લીધા પછી કંઈ સીધા અંદર બેસવા મળતું નહોતું. અહીં તો ત્રણ ત્રણ વૈતરણી હોય! સૌથી પહેલાં તો બહાર તડકામાં તપાવીને ખાસ્સો સમય સુધી દાડી મજદૂરોની જેમ તડપાવ્યા કરે. પછી મેઇન ગેટની લોખંડની જાળીઓ ખૂલે.

અંદર ગયા પછી તમારે અહીંતહીં ફરીને લાગેલી ફિલ્મના ફોટા જોવાના અથવા 25-50 પૈસામાં મળતું કૉલ્ડ-ડ્રિંક ખરેખર પીવાના હોવ એ રીતે તે કાઉન્ટર પાસે રોફથી ઊભા રહેવાનું! (અમદાવાદના એક ભવ્ય થિયેટરમાં એવા એક કાઉન્ટરના સુંદર કાચ નીચે અમે દર વખતે બે સૅન્ડવિચ મુકાયેલી જોતા. તે વખતે અમે એવું માનતા કે આ તો ફક્ત 'શો' માટે મૂકી છે, જો આપણે એની તરફ આંગળી ચીંધીને 'ઑર્ડર' આપીએ તો અંદરથી કોઈ 'નવી' બનાવી આપશે!)

એ પછી જ્યારે આગલો શો છૂટે ત્યારે થિયેટરમાં દાખલ થવા માટે ભલે મોટા દરવાજા હોય, પણ ખૂલે માત્ર એક નાનકડી દરવાજી! ત્યાં ડૉરકીપર ઊભો હોય એ માણસ આપણું ડાચું બૅટરી મારીને 'પાસ' કરે પછી જ અંદર જવાય!

અંદર જો પંખા ફરતા હોય તો એના કિચૂડ કિચૂડ, ફર્રર્રર, ખર્રર્રર અને અન્ય વાવાઝોડા પ્રકારના ઘોંઘાટોને દબાવી દેવા માટે થિયેટરોનાં સ્પીકરોનું વૉલ્યુમ હંમેશાં કાનના પરદા ધ્રુજાવી દે તેવું જ રાખવું પડતું! હા, જો ઍર-કન્ડિશન્ડ થિયેટર હોય, ફિલ્મ જૂની થઈ ગઈ હોય, અને ચાલુ દિવસનો બપોરનો શો હોય તો એમાં માત્ર 'ઊંઘવા' માટે આવતા પ્રેક્ષકોનાં નસકોરાં 'સરાઉન્ડ સાઉન્ડ'માં સાંભળવા મળતાં!

ફિલ્મના પરદાઓમાં 100 ટકા ભલીવાર હોય એની કોઈ ગૅરંટી નહોતી. કોઈ થિયેટરમાં એકાદ સાઇડે પરમેનેન્ટ ઝાંખો ધબ્બો દેખાતો જ હોય! તો કોઈ થિયેટરમાં એકાદ સાઇડે બધું આઉટ - ઑફ - ફોકસ જ હોય! એમાંય ચાલુ ફિલ્મે અચાનક ભરબપોરનું દૃશ્ય ઝાંખુ પડીને સાંજ જેવું થઈ જાય, તો કોઈ વાર ધબ્બ કરતું અંધારું જ થઈ જાય! પછી પ્રેક્ષકોની 'વૉર-ક્રાય' જેવી બૂમો સાંભળીને પેલા ઝોકાં ખાતો પ્રોજેક્શનિસ્ટના શરીરમાં શૌર્ય જાગે, એ ઊભો થાય, અને આર્ક-લૅમ્પના બે છેડા સરખા કરે... ત્યારે કાળી પડી ગયેલી હેમા માલિનીઓ ફરી ઊજળી દેખાય!